Rotary

# ROYAL RESONANCE

THE MAGIC OF ROTARY

**An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal**

Club No. 82068 | RI District 3060 ▪ Issue No. 1 | July 2024

- **Rtn. Stephanie A. Urchick** – Rotary International President
- **Rtn. Tushar Shah** – District Governor
- **Rtn. Harikrishna Parekh** – President
- **Rtn. Viral Bhavsar** – Secretary
- **Rtn. Nirav Doshi** – Bulletin Editor
- **Rtn. Gaurav Rathod** – Design



## ..OF THE THINK WE SAY OR DO

**the 4 Way Test**

1. Is it the TRUTH?
2. Is it FAIR to all concerned?
3. Will it Build GOODWILL and BETER FRIENDSHIP?
4. Will it be BENEFICIAL to all concerned?

## District Governor's Message

Warm Rotary Greetings

Please accept my heartfelt gratitude for allowing me to pen down my perspective about Rotary, as we continue our Rotary from one Rotary year to another, let's commit ourselves to carry forward our great legacy of fellowship and service and look forward for some renewed energy and innovative ideas to make our Rotary more purposeful, swifter and stronger.



Let us plan our activities and projects in such a fashion that they create a lasting and measurable impact on the community we serve, through our service let's increase our reach, add more beneficiaries, and tell the story of good work done by our foundation and attract people towards our organisation as partners in our endeavor to make this world a better place to stay.

As we continue to serve the community we should also work towards serving our members, provide them with an irresistible experience at the club and involve them in purposeful activities and projects. If our club avenue is properly oiled it moves smoothly, service to the community, to our foundation will fall in line.

It's time we bring diverse perspectives to our club, which would help us to be more inclusive, lets honour our members diverse perspectives and make them feel welcome which would create a cohesive force that has the strength to move mountains, so lets all together work in making our clubs more cohesive and address the challenges of the society.

Let's together spread The Magic of Rotary.

Thank You.

**- RTN. TUSHAR SHAH**
**District Governor**

## પ્રેસિડેન્ટ સંદેશ



મિત્રો, રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ કે જે R. I. DIST ૩૦૬૦ ની સર્વશ્રેષ્ઠ કલબોમાની એક ક્લબ છે તેવી આપણી રોયલ ક્લબના વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રમુખ તરીકેની મારી વરણી થવા બદલ હું ખુબ જ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું.

રો. મિત્રો, આપણા માટે ખૂબ જ આનંદની વાત છે કે મારા પુરોગામી રો. મનહરભાઈના નૈઋત્વમાં ગત વર્ષમાં ઘણા બધા નવા પ્રોજેક્ટ, પરમેનેન્ટ પ્રોજેક્ટ, સેવાકીય પ્રોજેક્ટો કરવામાં આવ્યા ત્યારે હું મારા આ વર્ષમાં તે બધા જ પ્રોજેક્ટોની સેવાઓ વધુમાં વધુ વિસ્તારીને બીજા કેટલાક નવા સેવાકીય પ્રોજેક્ટો અને હેલ્થકેર મેડિકલ ક્ષેત્રમાં ઉપયોગી નવા પ્રોજેક્ટ શરૂ કરવા માંગુ છું અને જેના ભાગરૂપે મેં અને મારી ટીમે સંપૂર્ણ આયોજન પણ કરી લીધું છે.

મિત્રો, આપ સર્વે જાણો છો તે મુજબ કોઈ પણ સમાજ ઉપયોગી કાર્ય માટે કોઈપણ સંસ્થા કે ક્લબને અનુદાનની જરૂર પડતી હોય છે ત્યારે આપ સર્વેને તન-મન-ધનથી શક્ય તેટલો સહકાર આપવા અપીલ કરું છું. આ સાથે આપણી ક્લબના મુખપત્ર(GML) **"રોયલ રેસોનન્સ"** દ્વારા હું સર્વે નવા જોડાયેલા મેમ્બરોને આવકારું છું.

આ સાથે આપ સર્વેને જણાવતા આનંદ થાય છે કે આ વર્ષે વિશિષ્ટ ફેલોશીપ, કલ્ચરલ એક્ટિવિટી, સ્પોર્ટ્સ એક્ટિવિટી વગેરે વસ્તુઓનું પ્લાનિંગ પણ અમો કરી ચૂક્યા છીએ જે સમયાંતરે આપ સમક્ષ રજુ કરીશું.

અંતમાં મિત્રો એટલું જ કહીશ કે આપ સર્વેના સાથ-સહકાર સાથે ખભે-ખભો મિલાવીને રોટરી રોયલના માધ્યમથી ઉત્તમ સમાજ ઉપયોગી કાર્યો અને પ્રોજેક્ટોથી આપણી ક્લબને ભાવનગર જિલ્લામાં અને DIST ૩૦૬૦ની શ્રેષ્ઠ અને સર્વોચ્ચ ક્લબ બનાવીશું તેનો મને પૂર્ણ વિશ્વાસ છે.

**- રો.હરિકૃષ્ણ પારેખ**

## સેક્રેટરી સંદેશ



રોટરી વર્ષ ૨૦૨૪-૨૫ માટે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલના સેક્રેટરી (મંત્રી) તરીકેની મારી જે વરણી કરવામાં આવી છે એ મારા માટે ખૂબ જ આનંદ અને ઉત્સાહની વાત છે આ તબક્કે હું પ્રેસિડન્ટ, ટ્રસ્ટીઓ, સિનિયરો તથા બોર્ડ મેમ્બર્સો અને આપ સર્વેનો આભારી છું.

કોઈપણ સંસ્થા કે કલબમાં સેક્રેટરીની મુખ્ય જવાબદારી તમામ પ્રકારના સંકલનની રહેતી હોય છે, ત્યારે હું પણ આ વર્ષે વ્યક્તિગત રીતે દરેક ક્લબ મેમ્બર્સના સંપર્કમાં રહીને દરેક ક્લબ મેમ્બરનું એક્ટિવ પાર્ટીસીપેશન દરેક પ્રવૃત્તિમાં રહે તેવો પૂર્ણ પ્રયત્ન કરીને સમગ્ર વર્ષ દરમિયાન ક્લબ એક્ટિવ રહે તેનું ધ્યાન રાખીશ. આ સાથે ડિસ્ટ્રિક્ટ સાથે ઍક્ટીવલી જોડાઈને ક્લબમાં તમામ પ્રકારની માહિતીનું આદાન-પ્રદાન કરતો રહીશ. આ સાથે ક્લબની વહીવટી સુગમતાના ભાગરૂપે આપ સર્વે આપની વાર્ષિક ફી જમા કરાવી અમોને ક્લબના કુશળ સંચાલનમાં મદદરૂપ બનો તેવી અપીલ કરું છું. મિત્રો, ક્લબમાં આપના કોઇ પણ વિચારો કે સૂચનો આવકાર્ય છે, તો આપ વ્યક્તિગત રીતે મને જણાવી શકો છો. અંતમાં મિત્રો એટલું જ કહી કે આપ સર્વેના સહકાર સાથે ક્લબ સેક્રેટરી તરીકેની તમામ જવાબદારીઓ પૂર્ણ રીતે નિભાવવા માટે કટિબંધ છું અને રોટરી રોયલને નવી ઊંચાઈ પર લઈ જવાનું મારૂં લક્ષ્ય છે.

**- રો.વિરલ ભાવસાર**

## તંત્રી સ્થાને થી...



આપણી ક્લબ, રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ ના મુખપત્ર ( બુલેટિન) એવા રોયલ રેસોનાન્સ " નો વર્ષ ૨૦૨૪-૨૫ નો પ્રથમ અંક અત્રે થી આપ સમક્ષ રજૂ કરતાં હું હર્ષ અને આનંદ ની લાગણી અનુભવી રહ્યો છું. મિત્રો, મંથલી બુલેટિનના માધ્યમથી આપણી ક્લબમાં ચાલતી તમામ પ્રવૃત્તિઓ અને વિવિધ પ્રોજેકટની માહિતી નિયમિત રૂપે બધા જ ક્લબ મેમ્બર્સને મળતી રહે તેમજ વધુમાં વધુ ક્લબ મેમ્બર્સ વિવિધ પ્રોજેક્ટ્સ અને પ્રવૃત્તિમાં ભાગ લે તે રીતે સમગ્ર બુલેટિનનું સંપાદન કાર્ય કરવા માટે હું કટિબદ્ધ છું.

મિત્રો, આ વર્ષે મંથલી બુલેટિનના માધ્યમથી સમગ્ર ડિસ્ટ્રિક્ટમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ, પ્રોજેક્ટ્સ, તથા અન્ય રસપ્રદ માહિતીઓને આપ સુધી પોહચડવા માટે પણ હું આતુર છું.

આ સાથે, આપણા કોઈ પણ ક્લબ મેમ્બર્સના કોઈ પણ પ્રકારના પ્રોફેશનલ કે પર્સનલ સારા Achievement ને પણ હું બુલેટિનમાં સમાવેશ કરવા જઈ રહ્યો છું કે જે બીજા માટે પ્રેરણા રૂપ બની શકે. અંત માં બસ એટલુંજ કહીશ કે સંપાદન કાર્ય માં મારા થી કોઈ ક્ષતી રહી જતી હોય તો તેને દરગુજર કરી મને માફ કરશો તેમજ બુલેટિન અંગે ના આપના સુજાવો જો કોઈ હોઈ તો મને વ્યક્તિગત રીતે જણાવશો. આ સાથે બુલેટિન સંપાદન કાર્ય માં જે - જે રોટેરિયન મિત્રો નો સહયોગ મળ્યો છે તે સર્વે નો હું આભાર વ્યક્ત કરું છું.

**- રો.નિરવ દોશી**

# પદાર્પણમ

## Installation Ceremony

તા.૦૨/૦૬/૨૦૨૪ને રવિવારના રોજ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલનો વર્ષ-૨૦૨૪-૨૫ માટેનો પદગ્રહણ સમારોહ – "પદાર્પણમ" ભાવનગર શહેરની મધ્યમાં આવેલ હોટલ રસોઈ ખાતે ભવ્ય રીતે યોજવામાં આવેલ હતો, આ ભવ્ય અને વિશેષ પદગ્રહણ સમારોહ સ્વામિનારાયણ સંપ્રદાયના **પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજી**ની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો.

આ ભવ્ય પદગ્રહણ સમારોહમાં રો. હરિકૃષ્ણભાઈએ રોટરી વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રેસિડન્ટ તરીકેના શપથ લીધા હતા જ્યારે રો. વિરલ ભાવસારએ વર્ષ ૨૦૨૪-૨૫ના સેક્રેટરી તરીકેના શપથ લીધા હતા. રો. હરિકૃષ્ણભાઈએ અને રો. વિરલભાઈએ આ સાથે રોટરી રોયલના ૧૬માં પ્રેસિડન્ટ - સેક્રેટરી તરીકેના શપથ લીધા બાદ પૂ. જ્ઞાનવત્સલ સ્વામીના આશીર્વાદ લીધા હતા.

રોટરી રોયલના આ ૧૬માં પદગ્રહણ સમારોહમાં **D. G. શ્રી તુષારભાઈ શાહ તથા શ્રીમતી નેહલબેન શાહ**ની વિશેષ હાજરી રહી હતી અને તેઓએ અતિથિ વિશેષનું સ્થાન શોભાવ્યું હતું. D. G. શ્રી તુષારભાઈ દ્વારા સમગ્ર ઇન્સ્ટોલેશન પ્રોસેસ અને 'શપથ'ની વિધિ હાથ ધરવામાં આવી હતી. શપથ વિધિ બાદ પૂ. જ્ઞાનવત્સલ સ્વામીએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું અને સર્વે શ્રોતાઓને પોતાની મોટીવેશનલ સ્પીચથી મંત્રમુગ્ધ કરી દીધા હતા.

આ પદગ્રહણ સમારોહની સાથે જ રોટરેક્ટ ક્લબ ઓફ ભાવનગર રોયલ, ઈન્ટરેક્ટ ક્લબ ઓફ ભાવનગર રોયલ તથા રોટરેક્ટ ક્લબ ઓફ સ્વામી વિવેકાનંદ હોમિયોપેથી કોલેજના મેમ્બર્સોએ પણ વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રેસિડન્ટ સેક્રેટરી તરીકેના શપથ લીધા હતા. તદઉપરાંત આ પદગ્રહણ સમારોહની સાથે જ રો. મનહરભાઈ રાઠોડના વર્ષ ૨૦૨૩-૨૪ની એવોર્ડ સેરેમની યોજવામાં આવી હતી. રો. હરિભાઈ દ્વારા શુભેચ્છા ભેટ તરીકે વર્ષ ૨૦૨૪-૨૫ માટે આપવામાં આવેલ મરૂન ટી-શર્ટ એ આ પદગ્રહણ સમારોહની ડ્રેસ કોડ થીમ હતી. અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ગવર્નરશ્રી તુષારભાઈએ પોતાના પ્રાસંગિક ઉદબોધન દ્વારા જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર પદગ્રહણ સમારોહનું સંચાલન રો. ચિરાગભાઈ ત્રિવેદીએ પોતાની આગવી શૈલીમાં કર્યું હતું. અંતમાં રો. વિરલ ભાવસાર એ સર્વેનો આભાર માન્યો હતો અને કાર્યક્રમની આભાર વિધિ કરી હતી.












## હેલ્થ ચેકઅપ & બ્લડ ગ્રુપ ચેકઅપ કેમ્પ

**MSP**







**રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ અને રોટ્રેક્ટ ક્લબ ઓફ SVHMC તથા સ્વામી વિવેકાનંદ હોમીઓપેથી હોસ્પિટલ**ના સંયુક્ત ઉપક્રમે બાળકો અને વિદ્યાર્થીઓમાં **બ્લડ ગ્રુપ ચેકઅપ તથા હેલ્થ ચેકઅપ કેમ્પનું** આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કેમ્પનું અલગ અલગ તબક્કા માં આયોજ કરાયું હતું.

તા - 22,23,24/07 એમ કુલ 3 તબક્કામાં **ભાવનગર ના શામપારા ગામ ની સરદાર પટેલ શાળા** ખાતે આ મેગા કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં કુલ ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓનું બ્લડ ગ્રુપ તથા હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું અને બ્લડ ગ્રુપ ચેકઅપ કાર્ડ આપવામાં આવ્યા હતાં. તદઉપરાંત આજ રીતે અલગ અલગ જગ્યાએ આ કેમ્પનુ અયોજન કરીને ચેકઅપ કરી આપવામા અવ્યુ હતુ.આ કેમ્પ માં ખુબ સારો પ્રતિસાદ સાંપડયો હતો અને વિદ્યાર્થીઓને જનરલ હેલ્થ કેરને લાગતું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## વૃક્ષા રોપણ





પર્યાવરણની જાળવણી અને પર્યાવરણ વિષેની જાગૃતિ લાવવાના હેતુ સાથે 'રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ' દ્વારા તા.૦૭/૦૭/૨૦૨૪ને રવિવારના રોજ શહેરની **'સમત્વ સ્કૂલ'** ખાતે અંદાજિત **૪૦ કરતા પણ વધુ વૃક્ષો રોપવામાં** આવ્યા જયારે તા.૦૯/૦૭/૨૦૨૪ના રોજ શહેરની **'જ્ઞાનમંજરી યુનિવર્સિટી'** ખાતે અંદાજિત ૩૦ કરતાં પણ વધુ વૃક્ષો રોપવામાં આવ્યા હતા.

વૃક્ષારોપણના આ બંને પ્રોજેક્ટમાં ૩૦ કરતા પણ વધુ રોટેરિયન મિત્રો તેમજ રોટરેકટ અને ઈન્ટરેક્ટ મેમ્બરોએ હાજર રહી પ્રોજેક્ટને સફળ બનાવ્યો હતો. આ પ્રોજેક્ટને સફળ બનાવવા માટે **'સમત્વ સ્કુલ'**ના શ્રી ચેતનભાઇ તથા **'જ્ઞાનમંજરી યુનિવર્સિટી'**ના શ્રી અવિનાશભાઈ પટેલએ ભારે જહેમત ઉઠાવી હતી. વૃક્ષા રોપણ માટેના આ પ્રોજેક્ટ માટે રોટરી રોયલને **વૃક્ષોનું સૌજન્ય રો. કિંજલભાઈ બદાણી**ના પ્રયત્નોથી પ્રાપ્ત થયું હતું. અંતમાં પ્રેસિડન્ટ રો. હરિકૃષ્ણભાઈએ તથા સેક્રેટરી રો. વિરલ ભાવસારએ સર્વેનો આભાર માન્યો હતો.

## મેગા બ્લડ ડોનેશન કેમ્પ





સતત છેલ્લા 7 વર્ષથી **રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ તથા ભાવનગર હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન** દ્વારા અને ભાવનગર બ્લડ બેંક તથા રેડક્રોસ બ્લડ બેંક ના સહયોગ થી તા. 28 જુલાઇને રવિવારે **કારગીલ વિજય દિવસ** ની ઉજવણીના ભાગરૂપે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ભાવનગર શહેરની મધ્યમાં આવેલ ઓનેસ્ટ રેસ્ટોરન્ટ ના પરિસરમાં કરવામાં આવેલ. જેમાં કુલ **225 બોટલ** રક્ત એકત્ર કરી નવું સીમા ચિન્હ પ્રસ્થાપિત કરવામાં આવેલ. આ સાથે ભાવનગર હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન આભાર માનવામાં આવેલ. દરેક રકતદાતાને સર્ટીફીકેટ તથા શુભેચ્છા ભેટ આપવામાં આવેલ.

બ્લડ ડોનેશન કેમ્પ માટે ની જગ્યા તથા જરૂરી સામગ્રીઓ તથા આ બ્લડ ડોનેશન કેમ્પ ના સ્પોન્સર રો. કૃષ્ણદેવસિંહ સરવૈયા (કેકે) તથા રો. હરશ્યામસિંહ ઝાલા (બંટીભાઇ)નો પણ વિશેષ આભાર માનીએ છીએ. આ બ્લડ ડોનેશન કેમ્પમાં ધારાસભ્યશ્રી સેજલબેન પંડ્યા, ભાવનગર મેયર શ્રી,ડેપ્યુટી મેયર, વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પૂરું પાડેલ.

## સેનેટરી પેડ ડીટ્રીબ્યુશન




રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા શહેર ની **મુકતા લક્ષ્મી શાળા** ખાતે વિદ્યાર્થીની ઓ માં **સેનેટરી પેડ** નું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રોજેકટ ચેર રો. ગીતાબેન વાઘાણી ના નેતૃત્વ માં **૧૩૦ જેટલી વિધાર્થિનીઓ** માં **કુલ ૧૩૦૦ પેડ,** કલબ મેમ્બર્સ ના સ્પાઉસ સાથે મળી ને આ સેનેટરી પેડ નું વિતરણ કરવામાં આવ્યું હતું અને જરૂરી મારગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. મુકતા લક્ષ્મી શાળા ના સંચાલકો દ્વારા આ ઉમદા સેવાકીય કાર્ય માટે રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ નો વિશેષ આભાર માનવા માં આવ્યો

## સુખડી વિતરણ (MSP)




સેવા ની સરવાણી સ્વરૂપ પ્રોજેકટમાં ભાવનગર ખાતે સતત અગ્રેસર એવી આપણી રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા એક નવી જ પહેલ હાથ ધરવા માં આવી છે ત્યારે પ્રસૂતા મહિલાઓ માટે ખાસ **શુદ્ધ ઘી તથા પોષ્ટીક તત્વોથી ભરપુર એવી સુખડીનુ** વિતરણ કરવામાં આવ્યું હતું. ભાવનગર શહેરમાં રાહત દરે કાર્ય કરતી એવી **પરિવાર જનરલ ટ્રસ્ટ હોસ્પિટલના** પ્રસૂતિ વોર્ડમાં દાખલ એવી પ્રસૂતા મહિલાઓમાટે ખાસ તેમના સ્વાસ્થમાં મદદરૂપ થાય એવી પોષ્ટીક સુખડીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેકટ ને સફળ બનવા માટે કલબ મેમ્બર્સના સ્પાઉસ તથા રો. ગીતાબેન વાઘાણી એ જહેમત ઉઠાવી હતી. પ્રથમ તબક્કામાં કુલ **15 જેટલી મહિલાઓને** સુખડી નું વિતરણ કરવામાં આવ્યું હતું.

## Think Different – Be Different – Succed Different

### પરમ પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીજી




રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ૨જી જૂન ને રવિવારના રોજ BAPS સંસ્થાના સ્પીરીચ્યુઅલ- મોટીવેશનલ સ્પીકર પરમ **પૂજ્ય જ્ઞાનવત્સલ સ્વામીજીનું** યુનિવર્સિટીના અટલ ઓડિટોરિયમ ખાતે એક તદ્દન અલગ **"થીંક ડિફરન્ટ – બી ડિફરન્ટ – સકસીડ ડિફરન્ટ"** વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

રોટરી રોયલનું આ અદભુત આયોજન ભાવનગરના પ્રબુદ્ધ નાગરિકો, આમંત્રીત મહેમાનો, અગ્રણીઓ તેમજ ક્લબ મેમ્બરો તથા ફેમિલી મેમ્બરો માટે હતું. રોટરી રોયલના આ આયોજનમાં ભાવનગરના **800થી વધુ** લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ ડીસ્ટ્રીકટ ૩૦૬૦ના ઓફિસરો પણ હાજર રહ્યા હતા.

પૂ. જ્ઞાનવત્સલ સ્વામીના આ વ્યાખ્યાનના પ્રોજેક્ટથી રોટરી રોયલને ખૂબ જ સારી પબ્લિક ઈમેજ મળી હતી તથા સમગ્ર ભાવનગરમાં આ કાર્યક્રમની નોંધ લેવાઈ હતી. આ સમગ્ર કાર્યક્રમનું "લાઈવ પ્રસારણ" પણ કરવામાં આવ્યું હતું. જેમાં પણ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજીના ક્લબના આ પ્રોજેક્ટના સ્પોન્સર અને સહયોગી રો.ડો. મેહુલભાઈ જાની રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રો. વૈભવભાઈએ પોતાની આગવી શૈલીમાં કર્યું હતું. અંતમાં પ્રેસિડન્ટ રો. મનહરભાઈ તથા સેક્રેટરી રો. ગૌરવભાઈએ, **D. G. શ્રી તુષારભાઈ, P. D. G. શ્રી પ્રશાંતભાઈ,** પ્રબુદ્ધ નાગરીકો, ક્લબ મેમ્બરો તથા રો. ડો. મેહુલભાઈ જાનીનો આભાર વ્યક્ત કર્યો હતો તેમ જ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવવા બદલ તમામ ક્લબ મેમ્બરોનો વિશેષ આભાર માન્યો હતો.

## સ્પીકર મીટીંગ - પ્રો. મહેન્દ્રસિંહ પરમાર





રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા રોટરી વર્ષ ૨૦૨૪-૨૫ની **પ્રથમ 'સ્પીકર મિટિંગ'નું** આયોજન તા.૧૦/૦૭૨૦૨૪ ને બુધવારે રાત્રે ૮:30 કલાકે સ્થાનિક 'ઓનેસ્ટ રેસ્ટોરન્ટ' ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પીકર મિટિંગમાં ભાવનગરની MKBU યુનિવર્સિટીના ગુજરાતી ભવના HOD પ્રો. મહેન્દ્રસિંહ પરમાર દ્વારા તદ્દન અલગ અને નવા વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. **"ટ્વીટર અને વોટ્સઅપના સમયમાં કાગળની વાતો"** વિષય પર **મહેન્દ્રસિંહ પરમારે** પોતાની આગવી શૈલીમાં વ્યાખ્યાન આપી સર્વે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. વર્ષની આ પ્રથમ સ્પીકર મિટિંગમાં અંદાજિત ૫૦ જેટલા રોટેરિયન મેમ્બરો હાજર રહ્યા હતા અને આ વ્યાખ્યાનની ખૂબ જ સરાહના કરી હતી. મિત્રો, આ વર્ષે આપણે આવા જ તદ્દન નવા અને અલગ વિષયો પર સ્પીકર મિટિંગના આયોજન કરવા જઈ રહ્યા છીએ ત્યારે વધુમાં વધુ રોટેરિયન મિત્રો સ્પીકર મિટિંગમાં હાજર રહે તેવી પ્રેસિડેન્ટ અને સેક્રેટરી દ્વારા અપીલ કરવામાં આવી છે.

**Our Project Center**

## Rotary Club of Bhavnagar Royal

**Opp. Zaverchand Meghani Auditorium, Sardarnagar, Bhavnagar**



# ડીસ્ટ્રીકટ એવોર્ડ - 2023-24

રોટરી વર્ષ 2023-24ની **ડિસ્ટ્રિક્ટ 3060ની એવોર્ડ સેરેમની** તા.૧૬/૦૬/૨૦૨૪ને રવિવારના રોજ વડોદરાના પ્રખ્યાત "સનસીટી ક્લબ એન્ડ રીસોર્ટ"માં ખૂબ જ ભવ્ય રીતે યોજાઈ હતી.




મીત્રો, ખૂબ જ આનંદ અને ગૌરવની વાત છે કે આ વર્ષે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલએ વિવિધ કેટેગરીઓમાં થઈને કુલ **51 જેટલા** એવોર્ડ પ્રાપ્ત કરી ડિસ્ટ્રીકટ ૩૦૬૦ની **શ્રેષ્ઠ ક્લબ** તરીકેનું સન્માન પ્રાપ્ત કર્યુ હતું. આ સાથે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ સૌથી વધુ એવોર્ડ પ્રાપ્ત કરનારી ક્લબ બની હતી.

જો કેટલાક મુખ્ય એવોર્ડની વાત કરીએ તો **બેસ્ટ પ્રેસિડન્ટનો એવોર્ડ રો. મનહરભાઈ**ને તથા **બેસ્ટ સેક્રેટરીનો એવોર્ડ રો. ગૌરવભાઈ**ને પ્રાપ્ત થયો હતો. **બેસ્ટ પ્રેસિડન્ટ - સેક્રેટરી**ની જોડીનો એવોર્ડ પણ આપણા જ રોયલ શિરે રહ્યો હતો. આ સાથે આપણા બધા માટે ખૂબ જ આનંદ અને ગૌરવની વાત એ છે કે **રોટેરીયન ઓફ ધ યર**નો સૌથી મહત્વનો અને પ્રેસ્ટીજીયસ એવોર્ડ પણ આપણી કલબના લોકલાડીલા **રો. ચિરાગભાઈ (ગુરુજી)**ને પ્રાપ્ત થયો હતો. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે આપણા ક્લબ મેમ્બર **રો. ડો. મૌલિકભાઈ પરીખ**ને રોટરી ઈન્ટરનેશનલ દ્વારા **"એવન્યુ ઓફ સર્વિસ"**ના વિશેષ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

તદઉપરાંત **"સાથી ઓફ સારથી"**ના સ્પેશીયલ એવોર્ડના હકદાર પણ આપણા ક્લબ મેમ્બર **A.G. રો. હિરેનભાઈ તથા રો. ગૌરવભાઈ** રહ્યા હતા. સૌથી આનંદની વાત આ વર્ષે પણ એ જ છે કે **"સ્પોર્ટ્સ કેટેગરી"**માં રોટરી રોયલ એ **13** જેટલા એવોર્ડ પ્રાપ્ત કરી **જનરલ ચેમ્પિયનશીપ** જાળવી રાખી હતી. આ ઉપરાંત ન્યુ પ્રોજેક્ટ - પબ્લિક ઈમેજ - સોશિયલ સર્વિસ - શક્તિ રાઈડ – લીટ્રસી વર્ક - આનંદ ગ્રામ - એવોર્ડ ઓફ ગ્રેટીટયુડ – નિરામયા પ્રોજેક્ટ વગેરે કેટેગરીઓમાં એવોર્ડ પ્રાપ્ત કર્યા હતા અને સમગ્ર ડિસ્ટ્રિક્ટમાં આપણી કલબ છવાઈ ગઈ હતી.

આમ, પ્રેસિડન્ટ રો. મનહરભાઈ તથા સેક્રેટરી રો. ગૌરવભાઈની સમગ્ર વર્ષ દરમિયાન કરેલી અદભુત કામગીરી અને મહેનત ખરા અર્થમાં રંગ લાવી હતી અને કુલ 51 જેટલા એવોર્ડ પ્રાપ્ત કરી. આ 'આનંદ અર્પણ' એવોર્ડ સેરેમની સાથે પ્રેસિડન્ટ રો. મનહરભાઈ તથા સેક્રેટરી રો. ગૌરવભાઈએ સમગ્ર બોર્ડ મેમ્બર્સ, ક્લબ મેમ્બર્સ, સિનિયર મેમ્બર્સોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## રેગ્યુલર મિટીંગ :

**મિટિંગ - 1**
તારીખ - ૦૩-૦૭-૨૦૨૪,બુધવાર, ૮:૩૦ સાંજે
સ્થળ - ઓનેસ્ટ રેસ્ટોરન્ટ

**મિટિંગ - 2** (સ્પીકર મીટીંગ)
તારીખ - ૧૦-૦૭-૨૦૨૪,બુધવાર, ૮:૩૦ સાંજે
સ્થળ - ઓનેસ્ટ રેસ્ટોરન્ટ

**મિટિંગ - 3** (AG Visit)
તારીખ - ૨૪-૦૭-૨૦૨૪,રવિવાર, ૮:૩૦ સાંજે
સ્થળ - ઓનેસ્ટ રેસ્ટોરન્ટ

**મિટિંગ - 4**
તારીખ - ૨૮-૦૭-૨૦૨૪,બુધવાર,૧૨:૩૦ બપોરે
સ્થળ - ઓનેસ્ટ રેસ્ટોરન્ટ

## HAPPY BIRTHDAY

| | |
|---|---|
| 1st July<br>Rtn. Dhananjay Kumar | 2nd July<br>Rtn. Kartik Dholakia |
| 15th July<br>Rtn. Hashmukh Dave | 16th July<br>Rtn. Dharmvirsinh Sarvaiya |
| 21st July<br>Rtn. Kalpesh Patel | 25th July<br>Rtn. Krishnadevsinh Sarvaiya |
| 31st July<br>Rtn. Jignesh Kothari | |

## HAPPY ANNIVERSARY

| | |
|---|---|
| 8th July<br>Ann. Darshna & Bhavesh Mehta | 23rd July<br>Ann. Kalpana & Bhavnesh Mehta |